ગાંધીનગર સમાચાર
તા. ૩૦-૬-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### રાજકારણમાં ચિંતન-મંથનની મોસમ

દિલ્હીના સીમાડે આવેલ સૂરજકુંડ ખાતે ભારતીય જનતા પાર્ટીએ એના નવા ચૂંટાયેલા સાંસદોને તાલીમ આપવા માટેના શિબિરનું આયોજન કર્યું જેના ઉદ્ઘાટન પ્રવચનમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ જનપ્રતિનિધિઓને એક કડક શિક્ષક અને અબુધ નિશાળિયાઓને આપે એવી શિખામણો આપી. અલબત્ત, આવી કડકાઇ અપેક્ષિત પણ હતી કારણ કે નવા ચૂંટાયેલા સાંસદોની સંખ્યા દોઢસો-બસોની થવા જાય છે, જેમને સંસદ વિષે કે સંસદીય પ્રણાલીઓ વિશે મુદલ માહિતી નથી. મોદી-વાવાઝોડામાં કોંગ્રેસના ધુરંધર ઉમેદવારો સામે લાખો મતોના માર્જિનથી ચૂંટાઇ આવેલ આવા અનેક નવા સાંસદોને સંસદ એટલે શું - એની પણ પુરી ગતાગમ નથી. આ એક શોચનીય બાબત ગણાય. બહુપક્ષીય સંસદીય પદ્ધતિમાં કોઇ પણ માણસ ચૂંટાઇને બહુમતિના જોર પર સત્તા કબજે કરી શકે પરંતુ જો એના સમર્થકોને વહીવટ કે રાજકીય બાબતોનો ખ્યાલ જ ન હોય તો રાક્ષસી બહુમતી છતાં એ હાંસીપાત્ર જ ઠરે. નરેન્દ્ર મોદીના નવા વછેરા એમને આવી વિસામણભરી સ્થિતિમાં મુકી દે એ પહેલાં, એમણે પાણી પહેલાં જ પાળ બાંધવાનો વ્યૂહ અપનાવ્યો છે. સાંસદોએ બિનજરૂરી બફાટ નહીં કરવો, મીડિયા સાથે એક સલામત અંતર જાળવવું, બદલી કે પોસ્ટિંગ જેવાં પ્રલોભનોમાં ન પડવું અને અગાઉ ભાજપના જ કેટલાંક સાંસદોએ પૈસા લઇને પ્રશ્નો પૂછેલા એમ લોભલાલચમાં ન ફસાઇ જવું તથા શક્ય હોય ત્યાં સુધી પોતાના મતવિસ્તારના સતત સંપર્કમાં રહી એના પ્રશ્નો ઉકેલવા અને સૌનો સાથ લઇ સૌના વિકાસમાં જ રસ લેવો બલકે વિપક્ષના આગેવાનોની પણ ટીકા થતી હોય તો પણ એનો સામનો વિવેકપૂર્ણ ભાષામાં જ કરવો, સામેના લોકો પર અંગત આક્ષેપો ન કરવા, સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી લોકસંપર્ક સતત વધારતા રહેવું વળી સગાંવહાલાંથી ચેતતા રહેવું - એવી અનેક બાબતો પરત્વે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ નવા સાંસદોનું ધ્યાન દોરીને સારા સાંસદ તરીકેની કારકિર્દી બનાવવા સખત પરિશ્રમ, વાચન-મનન અને મતવિસ્તારમાં સઘન પ્રવાસની જરૂર પણ ભાર આપ્યો છે. નરેન્દ્ર મોદી ઉપરાંત લાલકૃષ્ણ અડવાણી, રાજનાથસિંહ, સુષમા સ્વરાજ, અરૂણ જેટલી, વૈંકૈયા નાયડુ, પ્રકાશ જાવડેકર તથા પાર્ટીના અન્ય વરિષ્ઠ નેતાઓએ બે દિવસના શિબિરમાં પ્રવચનો આપી ભાજપની સંસદીય પાંખને સુસજ્જ કરવાનું પાથેય પીરસ્યું છે. સામે પક્ષે કોંગ્રેસે પણ એની ઐતિહાસિક હારનાં કારણોનું પૃથ્થકરણ કરી રાખમાંથી બેઠા થતાં દંતકથાના ફિનિક્ષ પંખની જેમ પુનશ્ચ હરિ ઓમ્ કરવા સજ્જ થઇ રહી છે. અલબત્ત કોંગ્રેસ માટે હવે પછીનો સમય ઘણો પડકાર ભર્યો હશે. મોદી સરકાર એની પુરોગામી સરકારનાં નાનામાં નાની ભૂલો શોધી કાઢીને પ્રજા સમક્ષ રજૂ કરશે. કોંગ્રેસીઓમાં ભયંકર હતાશા પ્રવર્તી રહી છે એનો લાભ ઉઠાવી ઘણાં બધાં વરિષ્ઠ આગેવાનોને કોંગ્રેસ છોડી ભાજપમાં પ્રવેશ આપવાની વ્યૂહરચના ઘડાશે. ટૂકમાં સડી ગયેલા કોંગ્રેસીરૂપી મહાવૃક્ષના થડ ઉપર જ પ્રહાર કરી એને ધરાશાયી બનાવી દઇ વિકાસના મુદ્દે ભારતીય જનતા પાર્ટીના એક છત્રી શાસનનો યુગ શરૂ થાય એવા તમામ પ્રયાસો કરાશે. મોદી પાસે વિપક્ષોમાં ફાટફૂટ પડાવવાની અદ્ભૂત આવડત છે, જેનો ગત ચૂંટણીમાં તમામ રાજકીય પક્ષોને ઓછાવત્તો અનુભવ થઇ ગયો છે. આવા સંજોગોમાં કોંગ્રેસ એની રેઢિયાળ નીતિરીતિ મુજબ એક જ પરિવારના આશ્રયે ટકી રહે એ વાતમાં માલ નથી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા બે દિવસની ચિંતન શિબિર દરમિયાન રાહુલ ગાંધીના સલાહકાર અને રાજયસભાના સભ્ય તથા કોંગ્રેસના મહામંત્રી મધુસૂદન મિસ્ત્રીની સામે ઊઠેલો વિરોધ સૂચક છે. કોંગ્રેસ હજી એની જુગ જુની જૂથવાદની બિમારીમાંથી બહાર આવી શકી નથી. વળી એક જ પરિવારના આધારે ટકવાની શક્યતા સામે પણ પ્રશ્નાર્થો ઊભા થયાં છે. રાહુલ ગાંધી જવાબદારીથી દૂર ભાગે છે એ મુદ્દે એમનાં જ 'મેન્ટર' ગણાતા દિગ્વિજયસિંહ ખુલ્લી ટીકા કરતાં થયા છે તો વળી મણિશંકર ઐયર જેવા બુદ્ધિજીવી નેતાઓને હાંસિયે ધકેલી દેવાયા છે. અહમદ પટેલ કે મધુસૂદન મિસ્ત્રી ગુજરાત કોંગ્રેસને ઉગારી શકશે નહિં એમ સોનિયા ગાંધી પાસેય એવી કોઇ જાદુઇ લાકડી નથી કે એ જિજીવિષા ગુમાવી બેઠેલી કોંગ્રેસમાં નવા પ્રાણ ફૂંકી શકે. કોંગ્રેસીઓએ પુનઃસ્થાપિત થવું હશે તો પાયામાંથી નવી ઈમારત ચણવાની તૈયારી કરવી પડશે. હવે નહેરૂ ગાંધી પરિવાર કે મહાત્મા ગાંધી સુદ્ધાં આઉટ ઑફ ડેટ થઇ ગયા છે ત્યારે કોંગ્રેસે પણ નવા જમાના સાથે તાલ મિલાવી પ્રજા વચ્ચે જઇ એના પ્રશ્નોને વાચા આપવા પુરૂષાર્થ કરવો પડશે, ફક્ત પ્રજા જ કોંગ્રેસને ફરી ચેતનવંતી કરી શકશે.

# સાદરામાં પરંપરાગત રીતે ભવ્ય રથયાત્રા નીકળી

ચિલોડા, તા.૨૯ ગાંધીનગર તાલુકાના સાદરા મુકામે આજે અષાઢી બીજ નિમિત્તે ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષે નિકળતી આ પરંપરાગત રથયાત્રા સાદરાના રાધાવલ્લભ મંદિરેથી બપોરે ૨.૩૦ વાગે નીકળી હતી.



રાધાવલ્લભ મંદિરના મહંતની અધ્યક્ષતામાં રથયાત્રાને ગામના સરપંચ મહેશભાઇ રાવલે પ્રસ્થાન કરાવ્યું હતું. આ રથયાત્રા રાધા વલ્લભ મંદિરથી નીકળીને માધ્યમિક શાળા રોડ પર થઇને વિક્ટોરીયા ટાવર પહોંચી હતી ત્યારબાદ ત્યાંથી સાદરાના મુખ્ય બજારમાં ફરીને પ્રસિધ્ધ જક્ષણી માતાજીના મંદિરે વિસામો કર્યો હતો. જક્ષણી માતાજીના મંદિરેથી રથયાત્રા ૫ વાગે નિજ મંદિરે પરત ફરી હતી.

રથયાત્રામાં ભકતોએ અબીલ ગુલાલની છોળો ઉડાડી હતી અને બેન્ડવાજાની ધૂન પર ભાવિક ભકતો ભગવાન જગન્નાથની ભક્તિમાં લીન થઈને ઝુમી ઉઠયા હતા. ચારે કોર વાતાવરણમાં 'જય રણછોડ, માખણચોર' અને 'મંદિરમાં કોણ છે? રાજા રણછોડ છે' જેવા નારા ગુંજી ઉઠયા હતા. રથમાં સવાર ભગવાન જગન્નાથજી, ભાઇ બલરામજી અને બહેન સુભદ્રાજીએ નગરચર્યા કરી હતી. આ રથયાત્રામાં સાદરા ગામ તેમજ આસપાસના અન્ય ગામોના ભકતો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા.

સાદરાની પરંપરાગત રથયાત્રા માટે ચિલોડા પોલીસ સ્ટેશનના ૩૫થી વધુ પોલીસ કર્મીઓ દ્વારા ચુસ્ત બંદોબસ્ત અપાયો હતો. ખૂબ ભક્તિભર્યા ઉલ્લાસપૂર્ણ માહોલમાં આ રથયાત્રા રંગે ચંગે સંપન્ન થઇ હતી.





ઘરેથી ભલે 'લંચબોક્સ' મળે પણ શાળાએ બહાર ઉભેલા માસી-કાકા પાસેથી 'ભાગ' લેવાની મજા અનેરી જ હોય છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## અર્બુદા પરિવાર ટ્રસ્ટ છાલાની કારોબારી વરણી કરવામાં આવી

શ્રી અર્બુદા પરિવાર ટ્રસ્ટ છાલાની સાધારણ સભા શકિત મંદિર અંબાજી ગિયોડના અધ્યક્ષ કે.કે. પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. બેઠકમાં અર્બુદા ટ્રસ્ટની આગામી પાંચ વર્ષ માટેની કારોબારીની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદે દિલીપભાઈ રમણભાઈ પટેલ, છાલા, ઉપપ્રમુખ પદે નાથુભાઈ મોતીભાઈ ચૌધરી દશેલા, મંત્રી પદે કોદરભાઈ રામભાઈ પટેલ તલાટી છાલા, કોષાધ્યક્ષ પદે ફતાભાઈ વાલજીભાઈ પટેલ કાનપુર અને કારોબારી સભ્યોમાં બહેચરભાઈ અંબુભાઈ ચૌધરી-ધણપ, ગાંડાભાઈ કરશનભાઈ પટેલ-હાલીસા, ચેલાભાઈ જશકરણભાઈ પટેલ ગિયોડ, વસંતભાઈ મોતીભાઈ પટેલ, વા. ચૌધરી, મીઠાભાઈ કેશાભાઈ ચૌધરી, તાજપુર-મંગાભાઈ મોતીભાઈ ચૌધરી આતમપુરા, ઘેમરભાઈ નાથુભાઈ ચૌધરી, માતાપુરાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

## હરિની દૃષ્ટિ...



સારું છે, કે સાંઇ અને રામની પૂજા વિષે વિવાદ થયો છે, એમાં આપણા રણછોડરાયનું નામ નથી..!!

# બીબીએ અને બીસીએમાં ૨૫ ટકા સીટ હજુ ખાલી

અમદાવાદ,તા. ૨૯ બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન (બીસીએ) અને બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ)ની લોકપ્રિયતા વિદ્યાર્થીઓમાં સતત ઘટી રહી છે. હાલમાં બીબીએ અને બીસીએમાં આશરે ૨૫ ટકા બેઠકો ખાલી રહેલી છે તે દર્શાવે છે કે, બીસીએ અને બીબીએની લોકપ્રિયતામાં ઘટાડો થઇ રહ્યો છે. આવા કોર્સમાં વિદ્યાર્થીઓ હવે રસ ધરાવતા ઓછા થયા છે. કેટલાક લોકોને જ આ અંગેની જાણ છે કે, માત્ર વિજ્ઞાનના વિદ્યાર્થીઓ જ નહીં બલ્કે કોમર્સના વિદ્યાર્થીઓ પણ બીસીએ કોર્સ માટે અરજી કરી શકે છે. ઘણા વિદ્યાર્થીઓ પણ આ બાબતથી વાકેફ નથી. બીબીએમાં બેઠકો ખાલી થવા માટે કેટલાક કારણો છે. આના માટે એક કારણ એ પણ છે કે, બેઠકોની સંખ્યામાં વધારો થયો છે. એક વખતે બીબીએમાં માત્ર પાંચથી છ કોલેજો હતી જ્યારે આજે કોલેજોની સંખ્યા વધીને ૧૫ની આસપાસ પહોંચી છે. કોલેજોની સંખ્યામાં વધારો થતાં બેઠકો પણ ખાલી રહેવા લાગી છે. વાણિજ્ય ફેકલ્ટીમાં હાલમાં સીએનો ક્રેઝ જોવા મળી રહ્યો છે જેથી ઘણા બધા વિદ્યાર્થીઓ બીસીએની સરખામણીમાં બીકોમને પ્રાથમિકતા આપી રહ્યા છે.

જાણકાર લોકોનું કહેવું છે કે, સીએમાં પ્રવેશ મેળવવામાં નિષ્ફળ રહેનાર વિદ્યાર્થીઓ વધુ સારી તકોની શોધમાં રહેશે. બીસીએ કોલેજોમાં ખાલી રહેલી બેઠકો ગ્રામીણ વિસ્તારોમાં વધારે છે. કોલ સેન્ટર કંપનીઓ બીસીએના વિદ્યાર્થીઓની પસંદગી કરે છે. આ લોકોને સરેરાશ ૧૫૦૦૦નો પગાર ચુકવવામાં આવે છે. બીબીએમમાં માત્ર ૧૩ કોલેજો રહી છે જ્યારે ક્ષમતા ૧૫૦૦ની છે. બીબીએમાં સીટો વધારવામાં આવતા આ સેગ્મેન્ટમાં ખાલી જગ્યાઓ જોવા મળી રહી છે. આવનાર દિવસોમાં આ પ્રવાહ યથાવત રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ ચર્ચા રહી છે. એક અગ્રણી અખબારમાં આ અંગેના અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા બાદ બીસીએ અને બીબીએના કોર્સને લઈને નિષ્ણાતોમાં પણ ચર્ચા છે.

## જ્ઞાનકુંભ



- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

- વર્ષ ૨૦૧૪માં કયા સાહિત્યકારને વર્ષ ૨૦૧૩નો જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે?
- જ. **કેદારનાથસિંહ**
- વર્ષ ૨૦૧૪માં જ્ઞાનપીઠ-પુરસ્કાર મેળવનારા કેદારનાથસિંહ કઇ ભાષાના સાહિત્યકાર છે?
- જ. **હિન્દી**
- જૂન ૨૦૧૪ના અંત સુધીમાં ઇસરો (ISRO) કયા ચાર દેશોનાં ઉપગ્રહોનું પરિક્ષણ કરશે?
- જ. **કેનેડા, જર્મની, સિંગાપુર, ફ્રાન્સ**
- તાજેતરમાં ચર્ચામાં રહેલી 'બોદુ બલસેના' નો સંબંધ કયા દેશ સાથે છે?
- જ. **શ્રીલંકા**
- આંધ્રપ્રદેશ વિધાનસભાના પ્રથમ સ્પીકર તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
- જ. **કંડિલા શિવપ્રસાદ રાવ**
- વર્ષ ૨૦૧૪માં ભારતીય સેનાએ 'આકાશ'નું પરીક્ષણ કર્યું છે 'આકાશ' શું છે?
- જ. **મિસાઇલ**
- તાજેતરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં અંગત સચિવપદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
- જ. **રાજીવ ટોપનો**
- વર્ષ ૨૦૧૪ જૂનમાં સ્પેન દેશનાં નવા રાજા તરીકે કોની પસંદગી કરવામાં આવી છે?
- જ. **ફિલિપે VI**
- વર્ષ ૨૦૧૪માં રાજસ્થાનનો પ્રથમ 'મેઘા ફૂડ પાર્ક' કયા શહેરમાં શરૂ થશે?
- જ. **અજમેર**
- વર્ષ ૨૦૧૪ માં 'વિશ્વ મરૂસ્થલીકરણ રોકથામ દિવસ' કયારે મનાવવામાં આવતો હતો?
- જ. **૧૭ જૂન**
- વર્ષ ૨૦૧૪માં ભારતીય હોકી ટીમની કેપ્ટન તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
- જ. **ઋતુ રાની**
- વર્ષ ૨૦૧૪માં કયા રાજયમાં મહિલાઓની મદદ કરવાના આશયથી 'ગૌરવી' સહાયતા કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે?
- જ. **મધ્યપ્રદેશ**
- વર્ષ ૨૦૧૪માં કયા કેન્દ્રીય મંત્રાલય દ્વારા પ્રધાનમંત્રી ગ્રામ સિંચાઇ યોજનાનો પ્રારંભ કરવામાં આવશે?
- જ. **કૃષિ મંત્રાલય**
- વર્ષ ૨૦૧૪માં 'નાઇટ બેચલર સમ્માન' આપી કયા વૈજ્ઞાનિકને સન્માનિત કરવામાં આવ્યા હતા?
- જ. **પ્રો. તેજિંદર વિર્દી**
- પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી તાજેતરમાં પોતાની પ્રથમ વિદેશ યાત્રા દરમિયાન કયા દેશ મુલાકાત લીધી હતી.
- જ. **ભૂતાન**
- તાજેતરમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ કયાં યુદ્ધ જહાજને ભારતીય નૌસેનામાં સમાવેશ કરાવ્યું?
- જ. **INS વિક્રમાદિત્ય**
- તાજેતરમાં રાજસ્થાન રાજયના કયા શહેરને 'નગર નિગમ'નો દરજ્જો આપવામાં આવ્યો છે?
- જ. **ભરતપુર**
- વર્ષ ૨૦૧૪માં 'અમ્મા નમક'નો શુભારંભ યા રાજયમાં મુખ્યમંત્રીએ કરાવ્યો છે?
- જ. **તામિલનાડુ રાજય**
- આઇ.એસ.એસ. એફ (ISSF) શુટિંગ વિશ્વ કપ ૨૦૧૪માં કયા ભારતીય શૂટરે રજતપદક હાંસલ કર્યો હતો?
- જ. **જીતુ રાય**
- વર્ષ ૨૦૧૪માં ભારતના વિદેશ પ્રવાસે આવેલા વાંગચી કયા દેશના વિદેશમંત્રી છે?
- જ. **ચીન**

# ભારતીય દંડસહિતાની કલમ ૪૯૮ (એ)ના સાથે જ ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૧૧૩ (એ) નવી ઉમરમાં આવી છે જે સંદર્ભેની અંદર કેટલાક મહત્ત્વપૂર્ણ ચુકાદાઓ

## મહિલા સમાજ અને કાયદો

ડો. ભાવના કે. જોશીપુરા

ગત્ અંકમાં આપણે દહેજ - મૃત્યુ સંદર્ભે વિવિધ અદાલતોનું તારણ તેમજ મહિલાઓ, કેદીઓ અને આમઆદમીના સંદર્ભની અંદર કેટલાક મહત્વપૂર્ણ ચુકાદાઓ અંગે ચર્ચા કરી. આ અંકમાં આપણે ભારતીય દંડસંહિતાની કલમ ૪૯૮ (એ) ના સાથે જ ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૧૧૩ (એ) નવી ઉમરવામાં આવી છે જે સંદર્ભેની અંદર કેટલાક મહત્વપ્રર્ણ ચુકાદાઓ અંગે ચર્ચા કરવાના છીએ જે સંદર્ભે જોઈએ તો,

૧૯૯૦ (૩) ક્રાઈમ્સ ૯ જો રીફર કરીએ તો અશોકકુમાર વિરુધ્ધ મધ્યપ્રદેશ રાજયના કેસમાં ન્યાયમૂર્તિ શ્રી પી. સી. પાઠકે ઠરાવ્યું છે કે, ભારતીય પુરાવાના કાયદાની કલમ ૧૧૩(એ) ની જોગવાઈ પાછલી અસરથી એટલેકે પશ્વાદ્વર્તી અસરથી લાગુ પડે. આ કલમ અમલમાં આવતા પહેલા પણ ગુનો બન્યો હોય તો તેવા કેસમાં પણ લાગુ પડે છે.

બાપુ સુખદેવ જગતાપ વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રમાં ઠરાવ્યા મુજબ, (૧૯૯૨) ૨ બોમ્બે ક્રિમીનલ રીપોર્ટર, પેઈઝ ૪૫૦ (ડીબી) ફરિયાદ પક્ષનો કેસ એવો હતો કે એપેલન્ટના પતિના લગ્ન મરણપામનાર સ્ત્રી (પત્ની) સાથે તેણીના મૃત્યુના પંદર માસ પહેલા થયા હતા.

લગ્ન સમયે પત્નીના પીયરપક્ષ તરફથી પતિને રૂા.૧૦,૦૦૦/- રોકડા અને ઘર વપરાશની ચીજવસ્તુઓ આપવામાં આવેલ. લગ્ન બાદ પત્ની સાસરે પતિ સાથે રહેતી હતી અને પતિના માતાપિતા પણ ગામડામાં સાથે રહેતા હતા. પત્ની તરફે એવો કેસ મુકાયેલો કે તેણીને સાઈકલ અને રેડીયો નહીં લઈ આપવા બદલ પતિપક્ષ તરફથી કનડગત કરવામાં આવતી હતી.

આ કામમાં ડોકટરનો પુરાવો એ પ્રકારનો હતો કે ગુજરનાર પરીણિત સ્ત્રીએ ગળા પર દબાણ આવવાને કારણે મૃત્યુ પામી હતી. નીચલી અદાલતે આરોપી પતિને કેસ પુરવાર ગણીને ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૮-એ અંતર્ગત કસુરવાર ઠરાવીને બે વર્ષની સખત કેદની સજા કરી.

ઓરંગાબાદ હાઈકોર્ટ (બોમ્બે હાઈકોર્ટની બેન્ચ) એ પણ પત્નીની સાઈકલ અને રેડીયો નહી લાવવા સબબની હેરાનગતી માનીને આ પ્રમાણે ચોકકસ પ્રકારે દહેજ લાવવા સંદર્ભેની વાતને માન્ય રાખેલ.

મુંબઈ હાઈકોર્ટ સમક્ષ આ કેસની સુનાવણી નીકળી ત્યારે, પતિ તરફે દલીલ થઈ કે પતિએ પત્ની પાસેથી રેડીયો અને સાયકલ કોઈ દિવસ મંગાવ્યા નથી કારણકે પતિને ઘેર આ બન્ને વસ્તુઓ હતી. પતિ તરફે એવી દલીલ પણ થઈ કે પતિ-પત્ની બંને સાથે રહેતા હતા ત્યારે પત્ની તરફથી પતિ વિરુધ્ધ ત્રાસદાયક વર્તન અંગે તેમજ આવી વસ્તુની માંગણી સંદર્ભે કોઈ ફરિયાદ કરેલ નથી અને તેથી પતિ તરફે વસ્તુઓની માંગણી થઈ છે તેનો કોઈ આધાર કે પુરાવો રજૂ થતો નથી. જયારે પત્ની પક્ષે એ પ્રકારની દલીલ થઈ કે જયારે પતિ-પત્નીનું લગ્નજીવન ચાલુ હોય ત્યારે એ લગ્નજીવન સારી રીતે ચાલે તે હેતુથી પત્નીએ આવા પ્રકારની ફરિયાદ એટલે કે પજવણી કનડગત અને વસ્તુની માંગણી સંદર્ભેની ફરિયાદ પતિ વિરુધ્ધ દાખલ કરેલ ન હતી જે સ્વાભાવિક રીતે માની શકાય તેમ છે. મુંબઈ વડી અદાલતે જજમેન્ટના સંદર્ભમાં નીચલી અદાલતના રેકોર્ડ થયેલા પુરાવાનું વ્યાજબી માનીને દહેજની વ્યાખ્યા જે દહેજ પ્રતિબંધકધારાની કલમ ૨ માં દર્શાવવામાં આવી છે તે સબબ એમ ઉલ્લેખ કરેલ છે કે દહેજ એટલે લગ્ન સમયે, લગ્ન પહેલા કે લગ્ન પછી કરવામાં આવતી માંગણી. એવું જરૂરી નથી કે આવી માંગણી એ કરારના સ્વરૂપે લગ્ન સમયે લેખિત સ્વરૂપે હોય તો જ તેને 'દહેજ' ગણી શકાય. લગ્ન બાદ પણ પતિ તરફથી પત્ની પાસે તેના પિયર પક્ષમાંથી મિલકત કે રોકડની માંગણી કરવામાં આવે તે પણ પુરતુ છે અને આ કેસમાં પતિ તરફથી સાયકલ અને રેડિયાની લગ્ન બાદ માંગણી થઈ હતી તે પ્રથમદર્શી બાબતને આધારે કેસને સાબિત માનવામાં આવે.

બીજા એક કેઈસમાં, અયલારામબાબા વિરુધ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ (૧૯૯૩) ૨ ક્રાઈમ્સ (એપી) પેઈઝ ૫૬૨ (ડીબી) આ કેસની હકીકત મુજબ, આ કામમાં આરોપી નંબર એક તરફે પતિને જોડવામાં આવેલા. તેમનું લગ્ન ૧૯૮૬ માં કિષ્ના નામની સ્ત્રી સાથે થયેલ. લગ્ન બાદ આરોપી પતિ-પત્ની કિષ્ના સાથે સંયુકત કુટુંબમાં માતાપિતા સાથે એક જ ઘરમાં રહેતા હતા. લગ્નજીવનને કારણે એક સંતાન દિકરો થયેલ. કિષ્ના તેનો પતિ અને દિકરો પહેલા માળે રહેતા અને કિષ્નાના સાસુ-સસરા તથા નણંદ વગેરે ગ્રાઉન્ડ ફ્લોરમાં તે જ ઘરમાં રહેતા.

કિષ્નાનો કેસ એવો હતો કે કિષ્નાને તેણીના સાસરી પક્ષ તરફથી ત્રાસ હતો. કિષ્નાના પ્રથમ સાક્ષી તેણીની માતાએ એવું જણાવેલ કે, કિષ્નાનું લગ્ન ૧૯૮૬ માં થયેલ તેમજ લગ્ન સમયે કિષ્નાના ભાઈ તરફથી કિષ્નાના પતિને રૂા.૩૦,૦૦૦/- રોકડા તેમજ આઠ તોલા સોનું અને અન્ય ચીજવસ્તુઓ જેની કિંમત રૂા.૨૫,૦૦૦/- ગણાય તે પ્રમાણે દહેજ આપવામાં આવેલો. લગ્ન બાદ કિષ્ના અને તેનો પતિ સુખી જીવન ગુજારતા હતા. થોડા સમય બાદ કિષ્નાના પતિ તેણીને પીયરપક્ષમાંથી રોકડ રકમ લઈ આવવા ત્રાસ આપતો હતો.

આ કામમાં કિષ્નાના ભાઈની દિકરીને પણ તપાસવામાં આવેલ કે જે માત્ર અગિયાર વર્ષની હતી અને સાતમાં ધોરણમાં અભ્યાસ કરતી હતી. તેણી કિષ્ના સાથે કિષ્નાના મૃત્યુના અગાઉ પંદર દિવસ રોકાયેલ હતી. તેણીએ જુબાનીમાં એવું જણાવ્યું કે એક શનીવાર સવારે કિષ્નાના પતિએ કિષ્નાને માવતરે જઈને રોકડ રકમ લઈ આવવા દબાણ કરેલ અને કિષ્નાને આ સંદર્ભે તેણીના પતિ તરફથી માર મારવામાં આવેલ. કિષ્નાનો પતિ તે સમયે તેણીને એવું જણાવતો હતો કે તેણી કિષ્નાની સુંદરતા સાથે નહીં પરંતુ કિષ્નાના પૈસા સાથે લગ્ન કરેલ છે. આ બાબત બન્યા પછી કિષ્નાના પતિએ કિષ્નાની ભાઈની દિકરીને પરત મોકલી દેવા જણાવેલ અને તેથી તેણીને બસમાં પરત મોકલી દેવામાં આવેલ.

આ કામમાં કિષ્નાના ભાઈને પણ સાક્ષી તરીકે તપાસવામાં આવેલ અને કિષ્નાના ભાઈની સાક્ષી કે કિષ્નાના મમ્મી કે જેઓ ફરિયાદી પક્ષના સાહિદ નંબર એક હતા તે સંદર્ભનો પુરાવો હતો એટલેકે કિષ્નાની માતાએ જે જુબાની આપેલ.

આંધ્રપ્રદેશ હાઈકોર્ટે ઠરાવ્યું છે કે, કિષ્નાના ભાઈની દિકરીનો પુરાવો એ તદ્ર સહજભાવે અપાયેલો છે તેમ માની શકાય તેમજ કિષ્નાને તેના સાસરી પક્ષ તરફથી પૈસાની માંગણીના સંદર્ભે ત્રાસ આપવામાં આવતો હતો તે બાબત કિષ્નાની માતા, કિષ્નાના ભાઈ અને

કિષ્નાની ભાઈની દિકરીની જુબાની પરથી સાબિત માની શકાય તેમ છે.

ઉપરોકત બંને બાબતને અનુસંધાને નીચલી સેશન્સ અદાલતે કિષ્નાના પતિને ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૮(એ) અંતર્ગત ગુનેગાર ઠેરવીને સખત કેદની સજા કરેલ.

ભારતીય દંડસંહિતાની કલમ ૪૯૮ ની વધુ ચર્ચા સાથે તેમજ ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૧૧૩ (એ) ની જોગવાઈઓ અને તેમના ઉદાહરણો સાથે મળીએ આવતે અંકે...